## (1) કમ્પિટીશન કમિશન ઓફ ઈન્ડિયા (CCI) વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) તે એક વૈધાનિક સંસ્થા છે.
(2) તે કમ્પિટીશન એકટ, 2002ના અમલીકરણ માટે જવાબદાર છે.
(3) તેના બંધારણમાં એક ચેરપર્સન અને 6 સભ્યો હોય છે.
(4) તેનો હેતુ સ્પર્ધાત્મકતા પર વિપરિત અસર કરતી ક્રિયાઓ કે પદ્ધતિઓને દૂર કરવાનો છે.

(A) માત્ર (1), (2) અને (3)
(B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (1) અને (4)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- D**

**સમજૂતી :**

⇛ કમ્પિટીશન કમિશન ઓફ ઈન્ડિયા ભારતની વૈધાનિક સંસ્થા છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ તેની જવાબદારી કમ્પિટીશન એકટ, 2002નો યોગ્ય અમલ કરાવવાનું છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ તેની સ્થાપના 14 ઓકટોબર, 2003ના રોજ કરવામાં આવી હતી. પરંતુ મે 2009થી તે સંપૂર્ણ રીતે કાર્યરત્ થઈ હતી.

⇛ તેના બંધારણમાં એક ચેરપર્સન તથા 6 સભ્યો હોય છે. તેઓની નિમણૂક કેન્દ્ર સરકાર દ્વારા કરવામાં આવે છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ આ કમિશનના હેતુઓ :

- સ્પર્ધાત્મકતા પર વિપરિત અસર કરતી ક્રિયાઓ કે પદ્ધતિઓને દૂર કરવી. (આથી, વિધાન (4) સાચું છે.)
- સ્પર્ધાત્મકતાને જાળવી રાખવી તથા તેને પ્રોત્સાહન આપવું.
- ગ્રાહકોના હિતનું રક્ષણ કરવું.
- ભારતની બજારોમાં વેપારની સ્વતંત્રતા જળવાઈ છે કે નહીં તેની ખાતરી કરવી.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (2) ડુગોંગ અથવા દરિયાઈ ગાય વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) IUCN દ્વારા તેને 'ભયજનક (Endangered)' તરીકે વર્ગીકૃત કરવામાં આવેલ છે.

(2) હયાત હોય તેવું તે એકમાત્ર સસ્તન પ્રાણી છે કે જે સમગ્ર રીતે દરિયામાં રહેતું હોય અને શાકાહારી હોય.

(3) ભારતમાં તે માત્ર મન્નારની ખાડી અને અંદમાન ટાપુની આસપાસ જોવા મળે છે.

(4) ભારતના વન્યજીવ સંરક્ષણ અધિનિયમ, 1972 અંતર્ગત તેને અનુસૂચિ 1માં વર્ગીકૃત કરવામાં આવેલ છે.

(A) માત્ર (1), (2) અને (3)
(B) માત્ર (2) અને (4)
(C) માત્ર (1), (3) અને (4)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- B**

**સમજૂતી :**

⇛ દર વર્ષે 28 મે એ 'વિશ્વ ડુગોંગ દિવસ' ઊજવવામાં આવે છે.

⇛ તેને IUCN દ્વારા સંવેદનશીલ (Vulnerable) પ્રજાતિ તરીકે વર્ગીકૃત કરવામાં આવેલ છે. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇛ ભારતના વન્યજીવ સંરક્ષણ અધિનિયમ, 1972 અંતર્ગત તેને અનુસૂચિ 1 હેઠળ વર્ગીકૃત કરવામાં આવેલ છે. (આથી, વિધાન (4) સાચું છે.)

⇛ તે એકમાત્ર હયાત હોય તેવું સસ્તન પ્રાણી છે કે જે સંપૂર્ણ રીતે સમુદ્રમાં રહે છે અને શાકાહારી હોય. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ વર્ષ 2013ના ઝુલોજીકલ સર્વે ઓફ ઈન્ડિયા (ZSI)ના રિપોર્ટ મુજબ ભારતમાં નીચેના વિસ્તારોમાં 200 જેટલી ડુગોંગ જોવા મળે છે.

- તમિલનાડુ પાસે આવેલ મન્નારની ખાડી
- આંદમાન અને નિકોબાર ટાપુઓ
- ગુજરાતમાં આવેલ કચ્છની ખાડી

(આથી, વિધાન (3) ખોટું છે.)

⇛ તેનો મુખ્ય ખોરાક દરિયાઈ ઘાસ છે પરંતુ વધુ પડતી માછીમારીના કારણે આ ઘાસનો વિસ્તાર ઘટી રહ્યો છે. આથી, આ પ્રજાતિની સંખ્યા ઘટવાનું મુખ્ય કારણે તેના ખોરાકની ઉપલબ્ધતામાં થયેલો ઘટાડો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (3) ઈન્ડિયન ઓલિમ્પિક એસોસિએશન (IOA) વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) તે ભારતમાં ઓલિમ્પિક મુવમેન્ટ માટેની ગવર્નીંગ બોડી છે.
(2) તેની સ્થાપના 1927માં સર દોરાબજી તાતા દ્વારા કરવામાં આવી હતી.
(3) તેની સ્થાપના સોસાયટીઝ રજિસ્ટ્રેશન એક્ટ, 1860 હેઠળ કરવામાં આવેલી છે.
(4) આ સમૂહનું નિયમન યુવા કાર્ય અને રમત–ગમત મંત્રાલયના કેન્દ્રીય મંત્રી દ્વારા કરવામાં આવે છે.

(A) માત્ર (1), (2) અને (3)
(B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (1) અને (4)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- A**

**સમજૂતી :**

⇛ ઈન્ડિય ઓલિમ્પિક એસોસિએશન ભારતમાં ઓલિમ્પિક મુવમેન્ટ અને કોમનવેલ્થ ગેમ્સ માટેની ગવર્નીંગ બોડી છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ તે ભારતમાં વિવિધ રમત–ગમતના કેટલાંક પાસાંઓનું નિયમન કરે છે તથા રમતવીરના કલ્યાણ માટેનું કાર્ય કરે છે.

⇛ તેની સ્થાપના 1927માં સર દોરાબજી તાતા અને ડો. એ. જી. નોહરેન દ્વારા કરવામાં આવી હતી. સર દોરાબજી તાતા આ સંસ્થાના ફાઉન્ડીંગ પ્રેસીડેન્ટ હતાં. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ તેની સ્થાપના એક બિન–નફાકારી સંસ્થા તરીકે સોસાયટીઝ રજિસ્ટ્રેશન એક્ટ, 1860 હેઠળ કરવામાં આવેલી છે.(આથી, વિધાન (3) સાચું છે.)

⇛ તેના નિયમન માટે એક 32 સભ્યોવાળી એક્ઝિક્યુટીવ કાઉન્સીલ હોય છે. (આથી, વિધાન (4) ખોટું છે.)

⇛ આ કાઉન્સીલ માટેની ચૂંટણી દર 4 વર્ષે યોજવામાં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

(4) આક્રમક પ્રજાતિ (Invasive Species) વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) કોઈ વિસ્તારની સ્થાનિક ન હોય તેવી પ્રજાતિ હોય અને નુકશાનકારક હોય તેને આક્રમક પ્રજાતિ કહે છે.
(2) તેઓ સ્થાનિક વૃક્ષ–છોડ કે પ્રાણીઓને લુપ્ત કરવાની ક્ષમતા ધરાવે છે.
(3) સામાન્ય રીતે માણસ દ્વારા કે વેપાર–પરિવહન દ્વારા આવી પ્રજાતિઓ અન્ય વિસ્તાર સુધી પહોંચે છે.
(4) 'Charru Mussel' એ એક આક્રમક પ્રજાતિ છે.

(A) માત્ર (1) અને (4)
(B) માત્ર (2) અને (3)
(C) માત્ર (1), (3) અને (4)
(D) આપેલ તમામ

⇒ જવાબ :- D

**સમજૂતી :**

⇒ વર્તમાન સમયે **'Charru Mussel'** નામની એક આક્રમક પ્રજાતિ કેરળમાં ખૂબ જ ઝડપે ફેલાય રહી છે. (આથી, વિધાન **(4)** સાચું છે.)

⇒ આ પ્રજાતિ મૂળ દક્ષિણ તથા મધ્ય અમેરિકાના કિનારાઓમાં વસે છે.

⇒ કોઈ નિશ્ચિત વિસ્તારની મૂળની કે સ્થાનિક ન હોય તેવી પ્રજાતિ, જે ખૂબ જ ઝડપે ફેલાય શકવાની ક્ષમતા ધરાવે છે તથા નુકશાનકારક હોય તેને આક્રમક પ્રજાતિ કહે છે. (આથી, વિધાન **(1)** સાચું છે.)

⇒ આવી પ્રજાતિ પર્યાવરણને, માણસના આરોગ્યને તથા અર્થતંત્રને પણ નુકશાન કરી શકે છે.

⇒ ઉપરાંત તે સ્થાનિક વૃક્ષ–છોડ કે પ્રાણીઓને લુપ્ત કરવાની, જૈવવિવિધતામાં ઘટાડો કરવાની, સ્થાનિક પ્રજાતિના સ્ત્રોતો ગ્રહણ કરવાની તથા વસવાટની પરિસ્થિતિઓને બદલવાની ક્ષમતા ધરાવે છે. (આથી, વિધાન **(2)** સાચું છે.)

⇒ સામાન્ય રીતે આવી પ્રજાતિઓને ફેલાવો એક વિસ્તારમાંથી અન્ય વિસ્તારમાં માણસ દ્વારા કે વેપાર–પરિવહન (મુખ્યત્વે જહાજ) દ્વારા થઈ શકે છે. (આથી, વિધાન **(3)** સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (5) હાઈડ્રોજન ફ્યુઅલ સેલ (HFC) વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) તેમાં હાઈડ્રોજન અને ઓક્સિજનના મિશ્રણ દ્વારા વિજળી ઉત્પન્ન થાય છે.
(2) તેને વિજળી ઉત્પન્ન કરવા માટે અન્ય બેટરીની જેમ વારંવાર રિચાર્જની જરૂર રહેતી નથી.
(3) તે ભારતમાં લિથિયમ–આયન બેટરી સંચાલિત વાહનોના વિકલ્પ તરીકે વપરાય શકશે.
(4) HFC માટેના ઘટકોની આયાત કરવી પડે છે.

(A) માત્ર (1), (2) અને (3)
(B) માત્ર (3) અને (4)
(C) માત્ર (1) અને (3)
(D) આપેલ તમામ

⇛ જવાબ :- A

**સમજૂતી :**

⇛ ઈન્ડિયન ઓઈલ 300 કરોડ રૂપિયાના હાઈડ્રોજન ફ્યુઅલ સેલ (HFC) પ્રોજેક્ટ પર કાર્ય કરી રહ્યું છે.

⇛ HFCના મોટા ભાગના ઘટકો ભારતમાંથી સ્થાનિક રીતે મળી શકે તેવા હોવાથી તેને લિથિયમ આયન બેટરી સંચાલિત વાહનોના વિકલ્પ તરીકે જોવામાં આવે છે. (આથી, વિધાન (4) ખોટું છે જ્યારે વિધાન (3) સાચું છે.)

⇛ HFCમાં હાઈડ્રોજન અને ઓક્સિજનના મિશ્રણ દ્વારા વિજળી ઉત્પન્ન થાય છે અને આડપેદાશ તરીકે માત્ર પાણી અને વરાળ જોવા મળે છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ HFCમાં જ્યાં સુધી હાઈડ્રોજન અને ઓક્સિજનનો જથ્થો જળવાય રહે ત્યાં સુધી તેને અન્ય બેટરીની જેમ વારંવાર રિચાર્જ કરવાની જરૂર રહેતી નથી. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ HFCના ફાયદાઓ : નહિવત્ પ્રદૂષણ, આયાતી તેલ તથા કુદરતી વાયુ પર નિર્ભરતામાં ઘટાડો, વધુ વિજ અસરકારકતા, ઘોંઘાટ–મુક્ત પ્રક્રિયા વગેરે

⇛ HFCની મર્યાદા : ઉપકરણની વધુ કિંમત, હાઈડ્રોજનનું સ્ટોરેજ, મેઈન્ટેઈનન્સ વગેરે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE | icerajkot

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ**
**તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે**
**નીચે આપેલા અમારા**
Social Media Icon **પર** Click **કરો.**

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT